



# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા






માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૨ અંક : ૮ * * * સંવત ૨૦૮૧ કારતક સુદ દશમ , સોમવાર ૧૧ નવેમ્બર, ૨૦૨૪ * * * દૈનિક : ૮૮ પાનાં ૧૨+૮ કિંમત ₹ ૫.૦૦


# ખાલિસ્તાનવાદી અર્શ દલ્લાની કેનેડામાં ધરપકડ

**ઓક્ટોબરની** ૨૮મીએ મિલ્ટન ટાઉનમાં થયેલા ગોળીબાર અંગે ધરપકડ થઇ હોવાના અહેવાલ

**ખાલિસ્તાન** વાદી હરદીપ સિંહ નિજ્જર વતી અર્શ દલ્લા અનેક ત્રાસવાદી મોડ્યુલો ચલાવતો હતો

**સારવાર** લેવા માટે હોસ્પિટલ આવેલા અર્શદીપ સિંઘ ગિલ ઉર્ફે દલ્લાની સાથે અન્ય એકની પણ ધરપકડ



**નવી દિલ્હી, તા. 11 :** જેને ભારતે ત્રાસવાદી જાહેર કર્યો છે તે અર્શદીપ સિંઘ ગિલ ઉર્ફે અર્શ દલ્લાની કેનેડાના ઓન્ટારિયો પ્રાંતમાં ધરપકડ થઈ હોવાની શક્યતા છે. એક ગોળીબારના બનાવને પગલે આ ધરપકડ થઈ હોવાનું માનવામાં આવે છે.

ગોળીબારનો આ બનાવ ૨૮ની ઓક્ટોબર મિલ્ટનમાં બન્યો હતો. આ બનાવ અંગે કેનેડાની અનેક લો એન્ફોર્સમેન્ટ એજન્સીઓએ તપાસ હાથ ધરી હતી. આમાંથી હોલ્ટન રિજીયોનલ પોલીસ સર્વિસ(એચઆરપીએસ)એ ગયા મંગળવારે જણાવ્યું હતું કે તેણે ઈરાદાપૂર્વક અગ્ન્યાસ્ત્રોમાંથી ગોળીબાર કરવાના આરોપસર બે શખ્સોની ધરપકડ કરી છે. જો કે પોલીસે આ બંનેની ઓળખ જાહેર કરી ન હતી પરંતુ સૂત્રોએ દાવો કર્યો હતો કે ધરપકડ કરાયેલા બે જણામાંથી એક અર્શ દલ્લા છે, જે હરદીપ સિંહ નિજ્જરનો ખાસ સાથીદાર રહ્યો છે જે નિજ્જરની ગયા વર્ષના જૂનમાં થયેલ હત્યા અંગે જ કેનેડા અને ભારતના સંબંધો વણસ્યા છે. ૨૮ ઓક્ટોબરે મિલ્ટન ટાઉનમા થયેલ અથડામણ અને ગોળીબાર પછી આ બંને જણા ગેલ્ફની એક હોસ્પિટલમાં સારવાર માટે આવ્યા હતા તે પછી તેમની ધરપકડ કરાઇ હતી. ધરપકડ કરાયેલા આ બંને જણાની તપાસ હવે એચઆરપીએસ મેજર ક્રાઇમ બ્યુરો કરી રહ્યું છે એમ હિલ્ટન પોલીસે એક નિવેદનમાં જણાવ્યું છે.

## અર્શ દલ્લાની ગેંગના બે સભ્યો પંજાબમાં પકડાયા

ભારતમાં પંજાબ પોલીસે આજે જાહેર કર્યું હતું કે પોલીસે અર્શ દલ્લાની ગેંગના બે સભ્યોની ધરપકડ કરી છે જેઓ ગયા મહિને એક શીખ ચળવળકારની થયેલી હત્યા માટે વોન્ટેડ હતા. આ બંનેની ઓળખ અનમોલપ્રીત સિંઘ ઉર્ફે વિશાલ અને નવજોત સિંઘ ઉર્ફે નીતુ તરીકે થઇ છે. મધ્ય પ્રદેશના ગ્વાલીયરમાં અન્ય એક શખ્સની તાજેતરમાં થયેલી હત્યામાં પણ આ બંનેની સંડોવણી હોવાનું કહેવાય છે.

## અર્શ દલ્લા કોણ છે?

અર્શદીપ સિંહ ગિલ ઉર્ફે અર્શ દલ્લા એ પ્રતિબંધિત સંગઠન ખાલિસ્તાન ટાઇગર ફોર્સ( કેટીએફ ) સાથે સંકળાયેલો છે અને તે હરદીપ સિંઘ નિજ્જર વતી ત્રાસવાદી મોડ્યુલો ચલાવતો હતો. ભારતમાં તે અનેક ગુનાઓ બદલ વોન્ટેડ છે. પંજાબમાં તે લક્ષ્ય બનાવીને કરાયેલી હત્યાઓ, ત્રાસવાદી ભંડોળ અને ખંડણી વસૂલી જેવા ગુનાઓ બદલ આરોપી છે. એનઆઇએના પણ અનેક કેસ તેની સામે ઉભેલા છે. બાદમાં તે કેનેડા ભાગી છૂટ્યો હતો. ગયા વર્ષે જાન્યુઆરીમાં ભારત સરકારે તેને ત્રાસવાદી જાહેર કર્યો હતો. તે ભારતના મોસ્ટ વોન્ટેડ અપરાધીઓમાંનો એક છે.

## નીજ્જરના ખાસ સાથી ઇન્દ્રજીત સહિત ચારની બ્રેમ્પટન મંદિર પર હુમલા અંગે ધરપકડ

**ઓટ્ટાવા, તા. 11:** ત્રીજી નવેમ્બરે કેનેડાના બ્રેમ્પટન શહેરમાં હિન્દુ મહાસભા મંદિરમાં ભક્તો પર લાકડીઓથી થયેલા હુમલા અંગે કેનેડા પોલીસે ચારની ધરપકડ કરી છે આમાંથી એક શખ્સનું નામ ઇન્દરજીત ગોસલ છે જે ...અનુસંધાન પાના 2 પર

## કાશ્મીરથી પ્રેરણા લઇને ઈન્દૌરના ખેડૂતે ઘરમાં કેસર ઉગાડ્યું



**જેમાં માટીનો** ઉપયોગ થતો નથી તે એરોપોનિક્સ પદ્ધતિથી ખેડૂતે કેસર ઉગાડ્યું, હવે આ કેસરને સ્થાનિક બજારમાં રૂ. 5 લાખ પ્રતિ કિલોએ વેચશે

**ઈન્દૌર, તા. 10 (PTI):** મધ્ય પ્રદેશના ઈન્દોરમાં એક ખેડૂતે તેના રૂમમાં કેસર ઉગાડીને એક નોંધપાત્ર કૃષિ સિદ્ધિ હાંસલ કરી છે. કેસર વિશ્વના સૌથી મોંઘા મસાલાઓમાંની એક અને પરંપરાગત રીતે મનોહર કાશ્મીર ખીણ સાથે સંકળાયેલી છે.

અનિલ જયસ્વાલે પોતાના ઘરના બીજા માળના રૂમમાં 'એરોપોનિક્સ' પદ્ધતિથી કે જેમાં માટીનો ઉપયોગ થતો નથી, કેસર ઉગાડી હતી, તેણે પીટીઆઈને જણાવ્યું કે તેણે સ્થાનિક બજારમાં તેને રૂ. 5 લાખ પ્રતિ કિલોગ્રામના ભાવે વેચવાની યોજના બનાવી છે, જ્યારે આંતરરાષ્ટ્રીય સ્તરે તેની કિંમત પ્રતિ કિલો રૂ. 8.50 લાખ સુધી પહોંચી શકે છે.

'હું થોડા વર્ષો પહેલા મારા પરિવાર સાથે કાશ્મીર ગયો હતો અને પમ્પોરમાં કેસરના ખેતરો જોયા પછી મને પ્રેરણા મળી. હું પછી પાછો આવ્યો, તાપમાન, ભેજ, પ્રકાશ અને કાર્બન ડાયોક્સાઇડનું નિયંત્રિત વાતાવરણ બનાવ્યું અને કેસર ઉગાડવા માટે એક રૂમમાં અદ્યતન એરોપોનિક્સ ટેક્નોલોજીના સાધનો ગોઠવ્યા', એમ તેણે જણાવ્યું.

અમારો વિચાર કાશ્મીરની આબોહવાની નકલ કરવાનો હતો, એમ જયસ્વાલે કહ્યું, જેમનો બીજા માળનો ઓરડો હવે સુંદર જાંબલી કેસરી ફૂલોને કારણે સૌનું આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. આ છોડને ઊભી રેકમાં પ્લાસ્ટિકની ટ્રેમાં રાખવામાં આવ્યા છે.

'320 ચોરસ ફૂટના રૂમમાં કેસરની ખેતી માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવા માટે મને રૂ. 6.50 લાખનો ખર્ચ થયો. મેં કાશ્મીરના ...અનુસંધાન પાના 2 પર

## કેનેડામાં હિન્દુ મંદિર પર હુમલાના વિરોધમાં દિલ્હીમાં કેનેડિયન હાઈ કમિશન સામે દેખાવો





**ચાણક્યપુરી** વિસ્તારમાં આવેલ આ હાઇ કમિશન ઓફિસની બહાર હિન્દુ-શીખ ગ્લોબલ ફોરમના કાર્યકરોએ વિરોધ પ્રદર્શનો કર્યા

**કેટલાક** દેખાવકારો બેરિકેડોની ઉપર ચડી ગયા, બેરિકેડો ગબડાવી દેવાયા

**કેનેડિયન** હાઇ કમિશનની સુરક્ષા વધારી દેવાઇ

**નવી દિલ્હી, તા. 10 :** કેનેડાના બ્રેમ્પટનમાં એક હિન્દુ મંદિર પર થોડા દિવસ પહેલા શીખ અલગતાવાદીઓએ હુમલો કર્યો તેના વિરોધમાં આજે દિલ્હી ખાતેની કેનેડિયન હાઈ કમિશનની કચેરીની બહાર મોટા પાયે દેખાવો યોજવામાં આવ્યા હતા, જે વિરોધ પ્રદર્શનમાં હિન્દુઓની સાથે શીખો પણ જોડાયા હતા.

દિલ્હીના ચાણક્યપુરી વિસ્તારમાં ડિપ્લોમેટિક એન્ક્લેવમાં આવેલી કેનેડાના હાઇ કમિશનની કચેરી સામે હિન્દુ શીખ ગ્લોબલ ફોરમના સભ્યોએ દેખાવો યોજ્યા હતા. તેઓ પહેલા તો આ કાર્યાલય સુધી કૂચ લઈને ગયા હતા અને પછી ત્યાં વિરોધ પ્રદર્શનો કર્યા હતા. પોલીસે જણાવ્યું હતું કે કાયદો અને વ્યવસ્થાનો ભંગ થાય નહીં તે માટે તેમણે હાઈ કમિશન ઓફિસની બહાર બેરિકેડો ગોઠવ્યા હતા પણ કેટલાક દેખાવકારોએ આ બેરિકેડોની ઉપર ચડવાનો પ્રયાસ કર્યો હતો અને કેટલાક બેરિકેડો ગબડાવી પણ દેવામાં આવ્યા હતા. વિરોધ કૂચના એલાન પછી આ કેનેડિયન હાઈ કમિશનની બહાર વધારાના સુરક્ષા દળો ખડકી દેવામાં આવ્યા હતા અને મોટા પ્રમાણમાં બેરિકેડો પણ ગોઠવી દેવામાં આવ્યા હતા. વિરોધ પ્રદર્શનકારોએ હિન્દુ શીખ એકતા સહિતના સૂત્રોચ્ચારો કર્યા હતા અને પ્લેકાર્ડ્સ પણ દર્શાવ્યા હતા જેમના પર કેનેડામાં મંદિરોનું અપમાન ભારતીયો ચલાવી લેશે નહીં તેવા સૂત્રો લખેલા જણાતા હતા. આ વિરોધ પ્રદર્શનોના પગલે આ કેનેડિયન હાઈ કમિશન કચેરીની સુરક્ષા વધારી દેવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે હાલ ચોથી નવેમ્બરે કેનેડાના બ્રેમ્પટન શહેરમાં આવેલ હિન્દુ સભા મંદિર નામના મંદિરમાં શીખ ખાલિસ્તાનવાદીઓ ઘૂસી ગયા હતા અને તેમણે મંદિરમાંના ભક્તોને લાકડીઓથી ફટકાર્યા હતા. આ હુમલાને વડાપ્રધાન મોદી સહિત અનેકે વખોડી નાખ્યો હતો. કેનેડા પોલીસે આ હુમલા સંદર્ભમાં ચાર જણાની ધરપકડ કરી છે.

## શ્રીનગર નજીક એન્કાઉન્ટર, ત્રણ આતંકવાદીઓ ફસાયા હોવાની આશંકા

**આતંકવાદીઓની** હાજરીની બાતમી બાદ વિસ્તારને ઘેરીને શરૂ થયેલું સર્ચ ઓપરેશન અથડામણમાં ફેરવાયું



**શ્રીનગર, તા. 10 (PTI) :** અધિકારીઓએ અહીં જણાવ્યું હતું કે, રવિવારે શ્રીનગર શહેરની બહારના ઝબરવાન જંગલ વિસ્તારમાં સુરક્ષા દળો સાથેની અથડામણમાં બેથી ત્રણ આતંકવાદીઓ ફસાયા હોવાનું માનવામાં આવે છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, દાચીગામ અને નિશાત ઉપરના વિસ્તારોને જોડતા જંગલ વિસ્તારમાં સવારે 9 વાગ્યાની આસપાસ સામ-સામે ગોળીબાર શરૂ થયો હતો.

આતંકવાદીઓની હાજરીની બાતમી બાદ સુરક્ષા દળોએ વિસ્તારને ઘેરી લીધો હતો અને સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, આ ...અનુસંધાન પાના 2 પર

## આજે જસ્ટિસ સંજીવ ખન્ના ભારતના 51મા CJI તરીકે શપથ લેશે

**જસ્ટિસ** ખન્ના ઈવીએમની વિશ્વસનીયતા જાળવી રાખવા, કલમ 370 નાબૂદ કરવા જેવા સીમાચિન્હ ચુકાદાઓનો ભાગ રહ્યા હતા



**નવી દિલ્હી, તા. 10 (PTI):** જસ્ટિસ સંજીવ ખન્ના, જેઓ ચૂંટણી બોન્ડ સ્કીમને રદ કરવા અને કલમ 370 નાબૂદ કરવા જેવા સુપ્રીમ કોર્ટના અનેક સીમાચિહ્નરૂપ ચુકાદાઓનો ભાગ હતા, તેઓ સોમવારે ભારતના 51મા ચીફ જસ્ટિસ તરીકે શપથ લેશે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ રાષ્ટ્રપતિ ભવનમાં સવારે 10 વાગ્યે આયોજિત સમારોહમાં તેમને શપથ લેવડાવશે.

જસ્ટિસ ખન્ના જસ્ટિસ ડી વાય ચંદ્રચુડનું સ્થાન લેશે, જેઓ રવિવારે નિવૃત્ત થયા હતા. જસ્ટિસ ખન્નાનો કાર્યકાળ 13 મે, 2025 સુધી ચાલશે.

16 ઓક્ટોબરના રોજ ચીફ જસ્ટિસ ચંદ્રચુડની ભલામણને પગલે કેન્દ્રએ 24 ઓક્ટોબરે જસ્ટિસ ખન્નાની ...અનુસંધાન પાના 2 પર

## કિશ્તવાડમાં ત્રાસવાદીઓ સાથે અથડામણ, એક જેસીઓ શહીદ થયા

**અથડામણમાં** અન્ય ત્રણ જવાનો ઈજાગ્રસ્ત થયા

**વિસ્તારમાં** ભારે શોધ અભિયાન ચાલુ છે

**જમ્મુ, તા. 10 (પીટીઆઈ):** સૈન્યના વિશેષ દળના એક જુનિયર કમિશન્ડ ઓફિસર (જેસીઓ) રવિવારે શહીદ થયા હતા, જ્યારે જમ્મુ અને કાશ્મીરના કિશ્તવાડ જિલ્લામાં અંતરિયાળ જંગલ વિસ્તારમાં ત્રાસવાદીઓ સાથે અથડામણ થઈ હતી જેમાં અન્ય ત્રણ સૈનિકો ઈજાગ્રસ્ત થયા હતા, એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

તાજેતરમાં બે વિલેજ ડિફેન્સ ગાર્ડ્સની (વીડીજી) હત્યા બાદથી ચાલી રહેલી સઘન શોધ તપાસ વચ્ચે આ ઓપરેશન થયું હતું. સેનાએ શહીદ થયેલા હીરોની ઓળખ સેકન્ડ પેરાના નાયબ સુબેદાર રાકેશ કુમાર તરીકે કરી અને તેમના સર્વોચ્ચ બલિદાનને સલામ કર્યું હતું. અથડામણ સવારે ...અનુસંધાન પાના 2 પર

## સિદ્દીકી હત્યા કેસમાં શૂટર અને અન્ય 2ની યુપીથી ધરપકડ

**મુંબઈ, તા. 10 (PTI) :** મુંબઈ પોલીસે રવિવારે જણાવ્યું હતું કે, તેમણે એનસીપી નેતા બાબા સિદ્દીકી હત્યા કેસમાં શૂટર અને અન્ય બેની ઉત્તર પ્રદેશમાંથી ધરપકડ કરી છે. એક અધિકારીએ જણાવ્યું હતું કે, શૂટર શિવકુમાર અને અન્ય બેની યુપી પોલીસના એસટીએફ સાથે સંયુક્ત ઓપરેશનમાં ધરપકડ કરવામાં આવી હતી. અધિકારીએ જણાવ્યું હતું કે, ત્રણેયને મુંબઈ લાવવામાં આવી રહ્યા છે. સિદ્દીકીને 12 ઓક્ટોબરે બાંદ્રા ...અનુસંધાન પાના 2 પર

તા. ૧૧-૧૧-૨૦૨૪નું વડોદરા શહેરનું

### હવામાન

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૫.૦° સે. | ૧૯.૪° સે. | ૩૫% |

## પ્રથમ દિવસે ડોનાલ્ડ ટ્રમ્પની પ્રાથમિકતા : સ્થળાંતર કરનારાઓ સામૂહિક દેશનિકાલનો મુદ્દો અગ્રસ્થાને

**મારે** પ્રથમ દિવસે ઘણા કાર્યો કરવાના છે, હું પ્રથમ દિવસ સિવાય સરમુખત્યાર નહીં બનું : ટ્રમ્પ

**શિક્ષણ** પર બાઇડેન સરકારની નીતિ પાછી ખેંચવી, હજારો કેન્દ્રીય કર્મચારીઓને બરતરફ કરવા જેવા કામો યાદીમાં સામેલ



**વૉશિંગ્ટન, તા. 10 (AP):** ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે તેઓ સરમુખત્યાર નહીં બને, પ્રથમ દિવસ સિવાય. તેમના પોતાના નિવેદનો મુજબ, વ્હાઇટ હાઉસમાં તે પ્રથમ દિવસે તેમને ઘણું કામ કરવાનું હતું. તેમની સૂચિમાં સ્થળાંતર કરનારાઓનો સામૂહિક દેશનિકાલ શરૂ કરવો, શિક્ષણ પર બાઈડેન સરકારની નીતિઓને પાછી ખેંચી લેવી, હજારો કેન્દ્રીય કર્મચારીઓ જેઓ કથિત રીતે તેમની વિરુદ્ધ ગુપ્ત રીતે કામ કરી રહ્યા હતાં તેમને બરતરફ કરીને સંઘીય સરકારની પુન:રચના કરવી, 6 જાન્યુઆરી, 2021ના રોજ કેપિટોલમાં હુલ્લડમાં તેમની ભૂમિકા માટે ધરપકડ કરાયેલ લોકોને માફ કરવા જેવા કાર્યો સામેલ હતા. 'હું સરહદ બંધ કરવા માંગુ છું' એમ તેમણે તેમના પ્રથમ દિવસની યોજનાઓ વિશે કહ્યું. જ્યારે તેમણે 2017માં કાર્યભાર ...અનુસંધાન પાના 2 પર

## ટ્રમ્પે એરિઝોનામાં પણ જીત મેળવી: હેરિસને તમામ સાત બેટલગ્રાઉન્ડ રાજ્યોમાં હરાવ્યા

**આ વિજય** સાથે ટ્રમ્પની ઇલેક્ટોરલ કોલેજ ટેલી વધીને ૩૧૨ થઇ, આની સામે કમલા હેરિસની આ ટેલી ૨૨૬ છે



**વૉશિંગ્ટન, તા. 10 (PTI):** અમેરિકાના પ્રમુખપદે ચૂંટાયેલા ડોનાલ્ડ ટ્રમ્પ એરિઝોના સ્ટેટમાં પણ ચૂંટણી જીતી ગયા છે, આ સાથે જ તેમણે અમેરિકાના તમામ સાત બેટલગ્રાઉન્ડ રાજ્યોમાં પોતાના ડેમોક્રેટિક હરીફ કમલા હેરિસને હરાવ્યા છે.

આ વખતની ચૂંટણીમાં જે રાજ્યો બેટલગ્રાઉન્ડ સ્ટેટ જાહેર થયા હતા તેમાં નેવેડા, એરિઝોના, વિસ્કોન્સિન મિશિગન, પેન્સિલવેનિયા, નોર્થ કેરોલીના અને જ્યોર્જિયાનો સમાવેશ થતો હતો. આમાંથી એરિઝોનાના પરિણામો બાકી હતા. હવે એરિઝોનાના પરિણામમાં ટ્રમ્પના વિજય સાથે તેમની ઈલેક્ટોરલ કોલેજ ટેલી ૩૧૨ થઈ છે જેની સામે ...અનુસંધાન પાના 2 પર